# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૫૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સીટીબસ સેવા સુરત રેલ્વે સ્ટેશન થી ઓલપાડ, અડાજણ પાટિયા થી મોરા ગામ અને સુરત રેલ્વે સ્ટેશન થી સાયણ ગામના રૂટ ઉપર ચાલતી બસ સેવાને તબક્કાવાર રીતે બંધ કરવા GSRTC દ્વારા રજૂઆત કરવામાં આવેલ. જેના અનુસંધાને સુરત સીટીલીંક લિ. દ્વારા પ્રથમ તબક્કામાં સુરત રેલ્વે સ્ટેશન થી ઓલપાડ રૂટને તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ થી બંધ કરવામાં આવનાર છે એટલેકે તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજ સદર રૂટના ઓપરેશન્સનો છેલ્લો દિવસ રહેશે. આ રૂટ ઉપર GSRTC ની બસ સેવા કાર્યરત હોય સદર રૂટના મુસાફરોએ GSRTC ની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...............................
તા.૨૧/૧૧/૨૦૨૩